


**અહીં એ નોંધવું રહ્યું કે આ અહેવાલ મુજબ ભારત અને ચીન વચ્ચે સતત તણાવપૂર્ણ પરિસ્થિતિ હોવા છતાં ભારત તાઇવાનના મુદ્દે અમેરિકા અને ચીન વચ્ચે ચાલતા મતભેદ અને સંઘર્ષમાં પડે એવી કોઇ શક્યતા નથી. હકીકતે ચીનની વિસ્તારવાદી નીતિ માત્ર ભારત જ નહીં બલકે આખી દુનિયા માટે સમસ્યા બની રહી છે**

# શું ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચે ઈરાન વૉર જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે ખરી?

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

મેરિકા-ઈઝરાયેલ-ઈરાન વૉર અનેક ઉતાર-ચડાવ અને ગતિ-વિરામ વચ્ચે સત્તાવાર રીતે તો અનંત રીતે ચાલ્યા કરે છે. આ જ નિમિત્તે ભારત સંદર્ભે એક પ્રશ્ન વિચારવા જેવો છે કે ભારતના લશ્કરી અધિકારીઓ પણ લાંબા સમયથી જેની ચેતવણી આપતાં જ રહ્યા છે એવો ચીન અને પાકિસ્તાન સાથેનો દ્વિપાંખીયો જંગ ખરેખર શક્ય છે? તો કેવી રીતે? કે પછી શક્ય નથી? તો પણ કેવી રીતે? આ વાત આપણે માત્ર અહીં જ કરીએ છીએ એવું પણ નથી. બલકે આ જ મુદ્દો વિવિધ પ્રકારે એપ્રિલ, 2026થી જ ધ પ્રિન્ટ જેવા ઓનલાઈન અખબાર અને અન્ય ઓફલાઈન મીડિયામાં પણ ચર્ચાતો જ રહ્યો છે. તો વળી, આંતરરાષ્ટ્રીય સ્તરે સતત બદલાતાં રહેતા સંરક્ષણલક્ષી તેમજ લશ્કરી તૈયારીલક્ષી સમીકરણોનો સતત અભ્યાસ કરતી રહેતી અને તેના પરથી સત્તાવાર રીતે અહેવાલો પ્રકાશિત કરતી વિવિધ સંસ્થાઓ પણ આ સંભાવનાનું મૂલ્યાંકન કરી ચૂકી છે અને અહેવાલ પણ પ્રકાશિત કરી ચૂકી છે. અહીં આ વાત કરતાં આ બધા જ સમાચારો અને અહેવાલોનો આધાર લીધો છે.

આ સંદર્ભે સૌપ્રથમ લંડનમાં આવેલી ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્ટ્રેટેજિક સ્ટડીઝ(International Institute of Strategic Studies)ના અહેવાલની વાત કરીએ. આ સંસ્થાનો અહેવાલ તાજેતરમાં જ પ્રકાશિત થયો છે. આ અહેવાલ મુજબ ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચે સુરક્ષાની દૃષ્ટિએ વર્ષોથી 'નો પીસ, નો વૉર(No Peace No War)'પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે છે. આ અહેવાલ એ બાબત પર ખાસ ભાર મૂકે છે કે ભારત હજી પણ આ બંને દેશો સંદર્ભે તેમની સાથે જોડાયેલી આપણી સરહદ પર સંભવિત છતાં પરંપરાગત શૈલીના યુદ્ધની દૃષ્ટિએ પોતાના લશ્કરને તૈયાર કરવા પર વધુ ધ્યાન આપી રહ્યું છે. આ રીતે આ બંને દેશો સંદર્ભે ભારતની સંરક્ષણ નીતિ અને તૈયારી આ બંને દેશો સંદર્ભે 'યુદ્ધમાં સામેથી પહેલ ન કરવી પણ શાંતિને કાયમી માનીને સજ્જતા મામલે ગાફેલ પણ ન રહેવું'એ પ્રકારની રહી છે. વળી, આ બંને દેશો સાથે પૂર્ણ કક્ષાનું પરંપરાગત યુદ્ધ તત્કાળ ભલે ન થાય પણ આ બંને દેશો સાથે ભારતના નાના-મોટા સંઘર્ષો તો સમયાંતરે સતત થતા જ રહે છે. એ બધા સંઘર્ષોમાંથી બોધપાઠ લઈને આ બંને દેશો સંદર્ભે ભારતની સંરક્ષણ નીતિ સતત બદલાતી રહી છે. ચીન સંદર્ભે ખાસ કરીને 2020ના ડોકલામ સ્ટેન્ડઓફ પછી અને પાકિસ્તાન સંદર્ભે 2016ની સર્જિકલ સ્ટ્રાઈક અને 2025ના ઓપરેશન સિંદૂર પછી ભારતની સંરક્ષણ નીતિ અને લશ્કરી નીતિ સંદર્ભે ધરમૂળથી પરિવર્તન આવ્યું છે. અહીં એ નોંધવું રહ્યું કે આ અહેવાલ મુજબ ભારત અને ચીન વચ્ચે સતત તણાવપૂર્ણ પરિસ્થિતિ હોવા છતાં ભારત તાઈવાનના મુદ્દે અમેરિકા અને ચીન વચ્ચે ચાલતા મતભેદ અને સંઘર્ષમાં પડે એવી કોઈ શક્યતા નથી. હકીકતે ચીનની વિસ્તારવાદી નીતિ માત્ર ભારત જ નહીં બલકે આખી દુનિયા માટે સમસ્યા બની રહી છે.

આ જ રીતે એપ્રિલ, 2026માં ધ પ્રિન્ટમાં છપાયેલો એક અહેવાલમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના આ યુદ્ધને ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચેના તણાવના ભવિષ્ય માટેની બ્લ્યૂ પ્રિન્ટ સમાન ગણાવવામાં આવ્યું છે. આ અહેવાલની વિગતો મુજબ ઈરાન વૉરનું પરિણામ માત્ર કોઈ દેશની હાર કે જીત પર નિર્ભર ન હોવાથી અને આ યુદ્ધનું કોઈ પણ સંભવિત પરિણામ સમગ્ર વિશ્વના આર્થિક, વ્યાપારી અને ઊર્જા ચિત્રને વ્યાપક રીતે અસર કરી શકે તેમ હોવાથી આ યુદ્ધ હજી સુધી સત્તાવાર રીતે જેમ અનિર્ણિત રહ્યું છે તેવી જ પરિસ્થિતિ ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચેના સંભવિત યુદ્ધ સંદર્ભે પણ ઊભી થઈ શકે છે. એનાં મુખ્ય ત્રણ કારણ છેઃ એક, અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનું ભૌગોલિક અંતર જ એટલું બધું છે કે તેમની વચ્ચે સ્પષ્ટ સરહદ આંકીને તે મુજબ એટલિસ્ટ હવાઈ હુમલા તો કરી જ શકાય છે. તેનાથી વૈશ્વિક વેપારના જળમાર્ગો પણ સીધી રીતે અસરગ્રસ્ત બને છે. એની સામે ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચેનું ભૌગોલિક અંતર એટલું તો ઓછું છે જ કે આ ત્રણેય દેશો વચ્ચેનું સંભવિત પૂર્ણકક્ષાનું યુદ્ધ સીધું જમીનમાર્ગે જ આરંભાય અને વૈશ્વિક વેપારની દૃષ્ટિએ પણ જમીન રસ્તે જ ઘણા વેપારી માર્ગોને અસર કરે. ખાસ કરીને ચીન અને પાકિસ્તાનના સહિયારા ઈકોનોમિક કોરિડોરને ખાસ અસર કરે.




આ ઉપરાંત ત્રીજું કારણ એ પણ છે કે ભારત, પાકિસ્તાન અને ચીન ત્રણેય ન્યુક્લિયર સ્ટેટ છે. આ ત્રણ કારણ તો ધ પ્રિન્ટના આ અહેવાલમાં અપાયાં છે. તે સિવાયનું ચોથું કારણ એ છે કે ઈરાન વૉરમાં તો ઈઝરાયેલના સમર્થનમાં અમેરિકા છે અને સામે ઈરાન છે, ભારત, પાકિસ્તાન અને ચીનના સંભવિત યુદ્ધમાં તો પરિસ્થિતિ એવી થાય કે ચીન પાકિસ્તાનના સમર્થનમાં જાય એટલે ભારતે બે દુશ્મનો સામે બે મોરચે લડવાનું થાય જ્યારે ઈરાન વૉરમાં તો બે મિત્રદેશો એક કોમન દુશ્મન સામે લડે છે.

એટલે ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચેનું આ યુદ્ધ અનિર્ણિત રહે એ સંભાવના વિચારવા કરતાં આ પ્રકારનું ત્રિપાંખીયું યુદ્ધ શક્ય જ નથી એ સ્વીકારી લેવા જેવું સત્ય છે. આ સ્વીકાર માટેનાં પણ કેટલાંક કારણો છે. એક તો આ દેશોનું પરસ્પર વ્યાપારલક્ષી અને આર્થિક અવલંબન અને તેની વિશ્વના આર્થિક સમીકરણ પર પડતી અસર, બે, એકસાથે માત્ર બે નહીં બલકે અનેક મોરચે યુદ્ધ થવાની સંકુલ સંભાવના અને ત્રણ, ત્રણેય દેશોનો ન્યુક્લિયર પાવર. આ કારણોને લીધે આ ત્રણેય દેશો વચ્ચે ઈરાન વૉર જેવી પરિસ્થિતિ ઊભી થવાની સંભાવના નહીંવત્ છે.



# 'ચાંદ મેરા દિલ' થી લક્ષ્યે દર્શકોનાં દિલ જીતી લીધાં છે?

ફિલ્મ 'ચાંદ મેરા દિલ' ભલે સમીક્ષકોનું દિલ જીતી શકી નથી પરંતુ દર્શકોને જરૂર પસંદ આવી રહી છે. ભલે બોક્સ ઓફિસ પર વીકએન્ડમાં રૂ.12.5 કરોડ કમાઈને આ વર્ષની સૌથી વધુ કમાણી કરનારી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ બની છે પરંતુ તેની સરખામણી કોઈ રીતે 'સૈયારા' સાથે થઈ શકે એમ નથી. કમાણીની રીતે તો પ્રશ્ન જ નથી પણ બંને ફિલ્મોની વાર્તામાં કોઈ સામ્યતા નથી. 'સૈયારા' એક સંપૂર્ણપણે અલગ લવ સ્ટોરી હતી. જ્યારે 'ચાંદ મેરા દિલ' તેના કરતા સાવ અલગ વિષય પર આધારિત છે. ફિલ્મનો વિષય જ બદલાઈ જાય છે. 'સૈયારા'માં જ્યાં માત્ર પ્રેમ હતો ત્યાં આ ફિલ્મમાં જીવનની જવાબદારીઓ, પરિવાર અને વાસ્તવિક દુનિયાદારી મુખ્ય મુદ્દાઓ છે. ફિલ્મનું સંગીત કદાચ 'સૈયારા'ના સંગીતની યાદ અપાવે તેવું હોઈ શકે છે. ફિલ્મના ગીતોના શબ્દોમાં ગહનતા અને અર્થપૂર્ણતા છે. સચિન-જિગરના એક-બે ગીતો એવા છે જે ખૂબ જ કર્ણપ્રિય છે અને લોકો તેને વારંવાર સાંભળવાનું પસંદ કરી રહ્યા છે. વાર્તાનો અભિગમ 'સૈયારા' જેવો નથી. તે એક પરિપક્વ રોમેન્ટિક ડ્રામા તરફ વળે છે. જે અમુક લોકોને ગમશે પણ અમુકને કદાચ જોડાણ ન થાય તેવું લાગી શકે. વિવેક સોનીનું સ્ટાઈલિશ નિર્દેશન અને લક્ષ્ય-અનન્યાની જોડીએ ફિલ્મમાં એક નવી ઊર્જા ભરી છે. ફિલ્મની સફળતા તેના આધુનિક અભિગમને આભારી છે. જે પરંપરાગત રોમેન્ટિક ફિલ્મોથી તેને અલગ પાડે છે. રૂ.149 જેવી રાહતની ટિકિટની વ્યૂહરચનાએ મિડલ-ક્લાસ અને વિદ્યાર્થી વર્ગને થિયેટર સુધી ખેંચવામાં ફિલ્મે મોટી સફળતા મેળવી છે. વળી આવનારા બે અઠવાડિયા સુધી કોઈ મોટી સ્પર્ધાત્મક ફિલ્મ ન હોવી એ 'ચાંદ મેરા દિલ' માટે એક સુવર્ણ તક સાબિત થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન માઉથ પબ્લિસિટી ફિલ્મની કમાણીમાં મોટો ઉછાળો લાવી શકે છે. ફિલ્મ યુવા પેઢીના સંબંધોને રજૂ કરે છે. જેના કારણે કોલેજ અને યુવા વર્ગમાં ફિલ્મનો ઘણો ક્રેઝ જોવા મળી રહ્યો છે. 'કિલ' માં લક્ષ્યની 'એક્શન અને હિંસા' વાળી છબી એટલી મજબૂત હતી કે કોઈને પણ એ કલ્પના કરવી મુશ્કેલ હતી કે તે આટલી જલદી એક સંવેદનશીલ લવર બોય તરીકે યોગ્ય સાબિત થશે. આરવના પાત્રમાં તેણે જે કોમળતા અને ભાવનાત્મક ઊંડાણ દર્શાવ્યું છે તે તેની અભિનય ક્ષમતાનો વ્યાપ બતાવે છે. લક્ષ્યે આરવનું પાત્ર માત્ર ભજવ્યું નથી પણ તેને જીવ્યું છે. જ્યારે કોઈ અભિનેતા હિંસામાંથી સીધો પ્રેમની વાર્તાઓમાં પ્રવેશે ત્યારે અવારનવાર જૂની છબીનું દબાણ તેના પર રહેતું હોય છે. આરવના રૂપમાં તેણે પોતાની જાતને સંપૂર્ણપણે બદલી નાખી છે. તેની આંખોમાં દેખાતું દર્દ અને તેણે ભજવેલા ભાવનાત્મક ઉતાર-ચઢાવવાળા દ્રશ્યોમાં જે અસર છે તે તેની મહેનતનું પરિણામ છે. 'બેડ્સ ઓફ બોલીવૂડ' સિરીઝમાં તેના આકર્ષક અંદાજે પ્રેક્ષકોનું ધ્યાન ખેંચ્યું હતું પરંતુ 'ચાંદ મેરા દિલ' માં તેમણે સાબિત કરી દીધું છે કે તે માત્ર 'લુક્સ' વાળો અભિનેતા નથી. સ્ક્રીન પર પોતાની લાગણીઓથી પ્રેક્ષકોને રડાવવાની અને તેમને જકડી રાખવાની તાકાત ધરાવે છે. તેણે સાબિત કરી દીધું છે કે માત્ર એક્શન માટે જ નહીં પણ એક પરિપક્વ અભિનેતા તરીકે લાંબી રેસનો ઘોડો છે. તેને ઉભરતો સિતારો કહેવામાં કશું ખોટું નથી. લક્ષ્ય તેના ઈમોશનલ સીન્સમાં ખૂબ જ મજબૂત છે, જ્યારે અનન્યા તેના પાત્ર સાથે ક્યાંક ક્યાંક સંઘર્ષ કરતી જણાય છે. જોકે, એના અભિનયમાં સુધારો છે એ સમીક્ષકો સ્વીકારી રહ્યા છે. ફિલ્મ દેખાવમાં સુંદર છે પણ 'ધર્મા પ્રોડક્શન્સ'ની દુનિયામાં સેટ હોવાથી ઘણી બધી વસ્તુઓ બનાવટી લાગે છે. હોસ્ટેલ, કોલેજ અને ઘર જેવી સેટિંગ્સ એટલી પરફેક્ટ છે કે તે વાસ્તવિક જીવન જેવી લાગતી નથી. ટ્રેલર પરથી વાર્તાનો અંદાજ આવ્યો ન હતો. યુવાન - યુવતીનો ઝઘડો હતો એમાં લક્ષ્ય માફી કેમ માંગી રહ્યો હતો એ બતાવ્યું ન હતું. એનું કારણ જાણવા ફિલ્મ જોવી પડે એમ છે. સારી વાત એ છે કે આ કોઈ સામાન્ય બોલીવૂડ પ્રેમકથા નથી. વિવેક સોની 'મીનાક્ષી સુંદરેશ્વર' અને 'આપ જૈસા કોઈ' માટે જાણીતા છે. તેમની ફિલ્મોમાં હંમેશા એક અનોખો રોમેન્ટિક ટચ હોય છે. 'ચાંદ મેરા દિલ'માં પણ તેમણે એ જ પ્રયાસ કર્યો છે. પરંતુ ઘણીવાર પાત્રોનું વર્તન કાલ્પનિક લાગે છે. તર્કનો અભાવ છે. ચાંદની એકમાત્ર વિદ્યાર્થીની છે જે એક ચોક્કસ માર્ગનો ઉપયોગ કેમ કરે છે, પણ અન્ય કેમ નથી કરતા તે સમજવું મુશ્કેલ છે. કોચિંગ ક્લાસમાં એક વિદ્યાર્થી લક્ષ્ય વિશે ટિપ્પણી કરે છે એ દ્રશ્ય પ્લોટમાં બળજબરીથી ઘૂસાડવામાં આવ્યું હોય તેવું લાગે છે અને જૂના જમાનાની ફિલ્મનું દ્રશ્ય લાગે છે. ઈન્ટરવલ પછી વાર્તામાં સુસંગતતા રહેતી નથી. પટકથા નબળી પડી જાય છે. નાટકનો પ્રભાવ ધીમે ધીમે બને છે પણ ક્લાઈમેક્સ આવે ત્યાં સુધીમાં ઓછો થઈ જાય છે. બીજા ભાગમાં ફિલ્મની ગતિ એટલી ધીમી થઈ જાય છે કે દર્શકોને વાર્તાના અંતની રાહ જોવી પડે છે. આ એક ચોક્કસ નિશાની છે કે લેખન કે એડિટિંગના સ્તરે ક્યાંક ભૂલ થઈ છે. ક્લાઈમેક્સ અનુમાનિત લાગે છે. જે ફિલ્મ શરૂઆતમાં દર્શકોને જીતી લે છે તે જ ફિલ્મ જો અંતમાં કંટાળાજનક બની જાય તો તે તેની ફરી જોવાની ઈચ્છા ઘટાડી દે છે.

**વળી આવનારા બે અઠવાડિયા સુધી કોઈ મોટી સ્પર્ધાત્મક ફિલ્મ ન હોવી એ 'ચાંદ મેરા દિલ' માટે એક સુવર્ણ તક સાબિત થઈ શકે છે**

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

**ઓટોગ્રાફ!**

કાન્સમાં એશ્વર્યાનો બ્લુ ગાઉન હોય કે વ્હાઇટ પેન્ટસૂટ, લોકો કહે છે કે તે ખૂબ સુંદર છે. પણ પછી તરત જ ઉમેરે છે 'પણ આ કેમ પહેર્યું?' (લાગે છે કે લોકો સ્ટાઇલિશ બનવા કરતાં ક્રિટિક બનવામાં વધુ માને છે!)

# પતિ મારો પરમેશ્વર ને સાસુ સિતમગર!

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

અલકેશના ઘરમાં સાસુ વહુનો ઝઘડો પરાકાષ્ટાએ પહોંચ્યો. અલકેશ માનો પક્ષ લેવા ગયો તો પત્ની રિસાઈને પિયર ચાલી ગઈ. પત્નીના ગયા બાદ તેણે માને સમજાવવાની કોશિશ કરી તો મા અંકલેશ્વર એના ભાઈને ત્યાં ચાલી ગઈ. છેવટની સ્થિતિ એ છે કે છેલ્લા ત્રણ દિવસથી અલકેશ જાતે રસોઈ બનાવીને જમે છે. ચોથે દિવસે અલકેશે અમને ઉપાય પૂછ્યો. અમે કહ્યુંઃ 'ક્ષમા કરજે દોસ્ત, સાસુ વહુ બન્નેને રાજી કરી શકે એવો ઉપાય દુનિયાનો કોઈ બાહોશ ન્યાયધીશ પણ ન આપી શકે તો મારા જેવા મામુલી માણસનું શું ગજુ..? ચાર દિવસ પછી અલકેશની દયા જાણી મા પિયરથી પાછી આવી ગઈ. અલકેશે ચિંતીત ચહેરે મારા શ્રીમતીને સલાહ પૂછી. શ્રીમતીજીએ કોણ જાણે શું સલાહ આપી, હું રસોડે પહોંચું ત્યાં સુધીમાં મારી પત્ની અને મા વચ્ચે વેલ્ડીંગ કરતી વેળા ઝરે તેવા તણખા ઝરવા લાગ્યા. સમયસૂચક્તા વાપરી હું અલકેશનો હાથ ઝાલી તેને આગલા રૂમમાં ખેંચી લાવ્યો અને કહ્યુંઃ "અલ્યા, તારા ઘરનો સળગતો દાંડો તું મારા ઘરમાં શીદ ખોસે છે? ભાઈ, મને તો રાંધતાંય નથી આવડતું!"

વાત હસવા જેવી લાગે છે; પણ સાસુ વહુના ઝઘડાને હસી કાઢવા જેવો નથી. એક મહિલા વાચકે પત્રમાં આક્રોશપૂર્વક લખેલુંઃ મારો પતિ માવડિયો છે. ઘરમાં સાસુમાનો સૂરજ તપે છે. રસોઈમાં શેનું શાક બનાવવાથી લઈને મારે પિયરમાં કેટલા દિવસ રોકાવાનું તે પણ સાસુજી નક્કી કરે. અમારા નાનકડા ઘરમાં સાસુમા કહે તેમ બધાંએ વર્તવું પડે છે. ઘરમાં કોઈને કશી સ્વતંત્રતા જ નહીં !"

'એક દિવસ પત્ની જોડે મોટો ઝઘડો થઈ ગયો. મેં સ્પષ્ટ કહી દીધુંઃ 'મારા પિતાજી વીસ વર્ષથી ગામના સરપંચ છે, પર ગામમાં ય તેમનો હુકમ ચાલે છે. પરંતુ ઘરમાં તો તેમણે ય બા કહે તેમ જ કરવું પડે છે. હું બાનો વિરોધ કરી શકું તેમ નથી. તારે અહીં ના રહેવું હોય તો તું તારા પિયર જઈ શકે છે!" આવા માવડિયા પતિ જોડે કઈ પત્ની ખુશ રહી શકે? પત્નીએ મહોલ્લામાં પોતાનો ઉકળાટ વ્યક્ત કરતાં કહ્યુંઃ 'મને પ્રથમથી ખબર હોત તો હું આવા પોમલા પતિ જોડે પરણવા કરતાં આજીવન કુંવારા રહેવાનું પસંદ કરતે!" જોકે સાસુની આટલી હદની સરમુખત્યારી દરેક ઘરોમાં હોતી નથી. છતાં સંસારમાં સાસુઓનું નામ ત્રાસવાદીઓની યાદીમાં મૂકાઈ ગયું છે. સાસુઓને ભાગ્યેજ કોઈ મમતાભરી સૌમ્યમૂર્તિ તરીકે કલ્પી શકે છે. સાસુ શબ્દ "સિતમ"નો પર્યાય હોય તે રીતે વાર્તાઓ કે લોક કથાઓમાં તેની જુલ્મખોર પ્રતિભાનું જ ચિત્રણ જોવા મળે છે.

કેટલીક સાસુઓ તીરછી નજરે દીકરા વહુના પ્રણય વ્યવહાર પર છૂપી નજર રાખતી રહે છે. રજાને દિવસે બંધ રહેતા બેડરૂમ પર હંમેશાં તેમની વાંધાયુક્ત નજર મંડાયેલી રહે છે. દીકરા જોડે બહાર ફરવા જતી વહુ સજીધજીને તૈયાર થાય ત્યારે કેટલીક સાસુઓની આંખોમાંથી હાઈવોલ્ટેજના તણખા ઝરે છે. તેમને એવું લાગે છે વહુ વધુ પડતી મોજમજા કરી રહી છે. કેટલીક જૂનવાણી સાસુઓ, વહુ ડ્રેસ પહેરે કે હોઠે લિપસ્ટીક લગાડે તેમાંય ઘરની ઈજ્જતનું લિલામ થઈ ગયું હોય એવો કકળાટ કરી મૂકે છે.

**પ્રારંભિક પરિણીત જીવનમાં જે સ્ત્રી આદર્શ માતા તરીકે સિદ્ધ થાય છે. તે પોતાની વહુને, વહુ નહીં દીકરી ગણે છે. દુર્ભાગ્યે સમાજમાં એવી માતા તુલ્ય સાસુઓને બદલે લલિતા પવાર જેવી ખૂંખાર સાસુઓની વસ્તી જ વધારે હોય છે**



એવી સાસુઓ દિવસમાં એકાદ વાર પાડોશમાં જઈને વહુની સાચી જૂઠી ચુગલી કરી આવે છે. એવું ના કરે ત્યાં સુધી તેનું ખાધેલુ હજમ થતું નથી. વહુના પિયરથી આવેલી વાનગી યા સાડી લૂગડાં બધી રીતે યોગ્ય હોય તોય તેમાંથી એકાદ ભૂલ ના કાઢે તો ધૂળ પડે એના સાસુપણામાં! પાકિસ્તાન જોડેની ક્રિકેટ મેચમાં ભારત હારે ત્યારે આપણા ઘણા "રાષ્ટ્રપ્રેમીઓ" ફટાકડા ફોડે છે. તેમ દીકરો ક્યારેક પત્નીને ધોલધપાટ કરી બેસે તો સાસુ પાડોશમાં જઈ તેનો હરખ કરી આવે છે.

પ્રારંભિક પરિણીત જીવનમાં જે સ્ત્રી આદર્શ માતા તરીકે સિદ્ધ થાય છે. તે પોતાની વહુને, વહુ નહીં દીકરી ગણે છે. દુર્ભાગ્યે સમાજમાં એવી માતા તુલ્ય સાસુઓને બદલે લલિતા પવાર જેવી ખૂંખાર સાસુઓની વસ્તી જ વધારે હોય છે. એવી સાસુઓ દીકરાના રિમોર્ટ કન્ટ્રોલ વડે વહુને ઈચ્છીત માત્રામાં માર ખવડાવી શકે છે. સાસુઓના સંસારવ્યાપી ઝઘડાઓ જોતાં પ્રશ્ન થાય છે કે શું સાચે જ એ વાત સાચી હશે કે પુરૂષો કરતાં સ્ત્રીઓ જ સ્ત્રીઓની મોટી દુશ્મન છે. અલબત્ પુરૂષ પ્રધાન સમાજે સ્ત્રીઓ વિષે ઘણાં વજુદ વિહોણા આક્ષેપો કર્યા છે. આ માન્યતા પણ તથ્યવિહોણી છે એમ માની લઈએ.

કંઈક એવું સમજાય છે કે સાસુ વહુના ઝઘડાનું મૂળ કેન્દ્રસ્થાન જાણ્યે અજાણ્યે દીકરો હોય છે. ઝટ ગળે ન ઉતરે એવી આ સાઈકોલોજિકલ બાબત છે. એક માતા પોતાના દીકરાને પત્ની તરફથી મળતા વિશેષ પ્રેમથી દિલના કોક અગોચર ખૂણે કશીક એકથ્ય પીડા અનુભવે છે. જે દીકરાનું તેની માતાએ બાળપણથી યૌવનાવસ્થા સુધી જતન કર્યું હોય એ દીકરો આખેઆખો જુગારની હારેલી બાજીની જેમ પોતાના હાથમાંથી સરકીને વહુના હાથમાં જઈ પડે છે; ત્યાંથી મુશ્કેલી શરૂ થાય છે. ગઈ કાલ સુધી પોતાના હાથમાં પગાર મૂકતો દીકરો હવે વહુને પગાર આપે છે. ગઈ કાલ સુધી માના હાથની રસોઈ વખાણીને ખાતો દીકરો પત્નીની સાધારણ વાનગી પર ફિદા થઈ જાય છે. ગઈ કાલ સુધી પોતાની દરેક સમસ્યા માને કહેતો દીકરો તેના હર સુખ દુઃખની વાતો હવે કેવળ પત્નીને જ કહે છે, માને કહેતો નથી. થોડા દિવસો પછી વહુ દ્વારા (વાયા થઈને) માતાને તે જાણવા મળે છે. પહેલાં મા માટે હરખથી સાડી લાવતો દીકરો તેના કરતાં દશ ગણી મોંઘી સાડી પત્ની માટે લાવે છે. આવા અણધાર્યા પરિવર્તનોથી કુટુંબમાં ભાવનાત્મક કટોકટી (ઈમોશનલ ક્રાઈસિસ) સર્જાય છે અને એ કારણે સાસુના દિલમાં વહુ પ્રત્યે ઈર્ષાનું બીજારોપણ થાય છે. (કાળક્રમે એ ઈર્ષા એકઠી થઈને) કૂકરમાં ભેગી થયેલી વરાળની જેમ બળ કરીને ઉર્ધ્વ દિશામાં ગતિ કરે છે ત્યારે કુટુંબમાં બહુ મોટો વિસ્ફોટ થાય છે.

**ધૂપછાંવ**

ક્યારેક એવું બને છે - દીકરો માવડિયો ના હોય પણ માની ઈચ્છાને માન આપવાની આદતવાળો હોવાથી માનો વધુ ખ્યાલ રાખતો હોય તેવા સંજોગોમાં પત્નીના દિલમાં પણ એવી વરાળ ભેગી થાય છે. વહુને લાગે છે પતિ-પત્ની વચ્ચે સાસુ બહુ મોટી દિવાલ બનીને એના સાંસારિક સુખોને છિન્નભિન્ન કરી રહી છે. એથી તેના દિલમાં પણ રોષની લાગણી જન્મે છે. એ બન્ને ઈર્ષા ભેગી થઈને દાંપત્ય જીવનમાં બહુ મોટું વૈમનસ્ય સર્જે છે. ટૂંકમાં જેને આપણે સાસુ વહુનો ઝઘડો કહીએ છીએ તે વાસ્તવમાં એક પુરુષ (દીકરા માટે) દાવેદાર એવી બે સ્ત્રીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યા હોય છે!